
# જ્યારે વિલનો બન્યા હીરો



મુવિયાના

દોસ્તો, આજકાલ જ્યારે પણ આપણે OTT કે થિયેટરમાં કોઈ બોલિવૂડ એક્શન મુવી જોઈએ છીએ, ત્યારે ઘણીવાર કમ્પ્લેન કરીએ છીએ કે યાર, પેલો જૂનો સ્વૅગ ગાયબ છે! પણ જો તમારે સાચો રો-એક્શન, અનમેચેબલ એટીટ્યુડ અને અલ્ટીમેટ દેશી કાઉબોય વાઈબ જોવી હોય, તો તમારે સમયમાં થોડું પાછળ જઈને વર્ષ 1974માં પહોંચવું પડે!

જ્યારે પણ હિન્દી સિનેમામાં ઓલ-ટાઈમ હેન્ડસમ, સ્ટાઈલિશ અને ડૅપર હીરોઝની વાત થાય, ત્યારે સૌથી પહેલું નામ એક જ વ્યક્તિનું યાદ આવે ફિરોઝ ખાન! કાળા કપડાં, ખભા પર પટ્ટાવાળો પોંચો, ચહેરા પર 'મેન વિથ ઝીરો કેર' વાળો એટીટ્યુડ, માથા પર હેટ અને સફેદ ઘોડા પર સવાર થઈને જ્યારે ફિરોઝ ખાન સ્ક્રીન પર એન્ટ્રી મારતા, ત્યારે થિયેટરમાં સીટીઓનો વરસાદ થઈ જતો. એ સમયના એ 'અલ્ટીમેટ આલ્ફા મેલ' અને 'મુવી સ્ટેટસ કિંગ' હતા!

ફિલ્મનું ટાઈટલ 'ખોટે સિક્કે' કેમ રાખવામાં આવ્યું હતું? એની પાછળ એક બહુ જ રસપ્રદ લોજિક હતું. હિન્દીમાં કહેવત છે ને કે ક્યારેક ખોટા સિક્કા પણ કામ આવી જાય છે! બસ આ જ થીમ પર ફિલ્મની આખી સ્ટોરી હતી.

આ સંજોગોમાં આ 6 સિક્કાઓ (અપરાધીઓ) ગામને આ ખૂંખાર ડાકુથી બચાવવા માટે ગામમાં આવે છે. શહેરમાં ગુનેગાર ગણાતા આ લોકો જ્યારે ગામડાના નિર્દોષ લોકોને બચાવવા માટે ડાકુઓ સામે મોરચો માંડે છે, ત્યારે એમનામાં રહેલી માનવતા જાગી ઊઠે છે અને તેઓ સાચા અર્થમાં 'ખરા સિક્કા' સાબિત થાય છે!

પણ સ્ટોરીમાં સૌથી મોટો ટ્વિસ્ટ અને સસ્પેન્સ ત્યારે આવે છે જ્યારે આ 6 જણાને મદદ કરવા માટે એક અજાણ્યો શખ્સ એન્ટ્રી મારે છે! કાળા ડ્રેસમાં, સફેદ ઘોડા પર સવાર થઈને આવતો આ નવજુવાન બીજો કોઈ નહીં પણ ફિરોઝ ખાન હોય છે! સૌથી અનોખી વાત એ હતી કે આખી ફિલ્મમાં ફિરોઝ ખાનના પાત્રનું કોઈ નામ જ નહોતું! એ માત્ર એક અજાણ્યો રાઈડર બનીને આવે છે, ગામવાળાઓને અને 6 દોસ્તોને મદદ કરે છે અને વિલનનો સફાયો કરે છે.

ડાયરેક્ટર નરેન્દ્ર બેદી જ્યારે આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખી રહ્યા હતા, ત્યારે આ અજાણ્યા કાઉબોયવાળા રોલ માટે એમની પહેલી પસંદગી તે સમયના સુપરસ્ટાર રાજેશ ખન્ના હતા. નરેન્દ્ર બેદી અને રાજેશ ખન્નાએ એ પહેલાં 'બંધન' જેવી સુપરહિટ ફિલ્મ કરી હતી, એટલે બેદી સાહેબે સૌથી પહેલાં કાકાને જ સ્ક્રિપ્ટ સંભળાવી.

રાજેશ ખન્નાને સ્ટોરીનો આઈડિયા તો બહુ ગમ્યો, પણ એ સમયે રાજેશ ખન્નાની બેક-ટુ-બેક રોમેન્ટિક મુવીઝ સુપર-ડુપર હિટ થઈ રહી હતી. કાકાને લાગ્યું કે આ ડાકુ અને એક્શન ઝોનરમાં જવાથી એમની 'ચોકલેટી બોય' અને રોમેન્ટિક હીરોની ઈમેજને નુકસાન થઈ શકે છે. એટલે એમણે ડેટ્સનું બહાનુ કાઢીને બહુ પ્રેમથી ફિલ્મ છોડી દીધી.

બસ, પછી શું હતું? ડાયરેક્ટરે ફિરોઝ ખાનને મળ્યા. ફિરોઝ તો બોલિવૂડમાં કાઉબોય લૂકના દીવાના જ હતા!, એમણે સ્ક્રિપ્ટ સાંભળીને સૌથી પહેલાં એક જ સવાલ પૂછ્યો સર, મારો લૂક કેવો હશે? ડાયરેક્ટરે કહ્યું કે કાઉબોય લૂક હશે. ફિરોઝ એટલા એક્સાઈટેડ થઈ ગયા કે એમણે પોતે ઘરે જઈને ૨-૩ ગેટઅપ તૈયાર કર્યા અને કાળા કપડાંવાળો લૂક ફાઈનલ કરાવ્યો.

રાજસ્થાનના ઉદયપુર પાસે આવેલ થૂર ગામમાં જ્યારે 40 દિવસ સુધી ગરમીમાં શૂટિંગ ચાલતું હતું, ત્યારે બાકીના ક્રૂ મેમ્બર્સ ગરમીથી બેહાલ થઈ જતા હતા., પણ ફિરોઝનો ડેડિકેશન જુઓ! પોતાનો શોટ ન હોય તો પણ તેઓ આખો દિવસ પેલો જાડો કાળો કાઉબોય ડ્રેસ પહેરીને જ સેટ પર બેસી રહેતા, જેથી કેરેક્ટરની વાઈબ અને માઈન્ડસેટ ડિસ્ટર્બ ન થાય!

આ ફિલ્મ સાથે જોડાયેલો સૌથી ફેમસ અને ફની ઈન્સિડન્ટ બોલિવૂડના મશહૂર વિલન રંજીત સાથે બન્યો હતો. શૂટિંગ ઉદયપુર પાસેના એક નાનકડા ગામડામાં ચાલી રહ્યું હતું. ગામમાં એક દૂધની ડેરી હતી, જ્યાં એકદમ ઘાટી અને ચિલિંગ દેશી લસ્સી મળતી હતી.

રંજીતે એક દિવસ આખી શૂટિંગ ક્રૂ અને દોસ્તો માટે ડેરીમાંથી લસ્સી ઓર્ડર કરી. લસ્સી બધાને એટલી પસંદ આવી ગઈ કે રંજીતે નક્કી કર્યું કે જ્યાં સુધી શૂટિંગ ચાલશે ત્યાં સુધી રોજ આખી ટીમને એમની તરફથી ફ્રી લસ્સી પીવડાવવામાં આવશે!

40 દિવસ પછી જ્યારે પેક-અપ થયું અને ડેરીવાળાએ લસ્સીનું બિલ આપ્યું, ત્યારે રંજીતના હોશ ઊડી ગયા! લસ્સીનું ટોટલ બિલ આવ્યું હતું 12,000! જ્યારે આખી ફિલ્મમાં કામ કરવા માટે રંજીતને ફી મળી હતી માત્ર 10,000! એટલે કે એ સમયના હિસાબે રંજીતે પોતાના ખિસ્સામાંથી 2,000 વધારે ભરીને આખી ટીમને લસ્સી પીવડાવી હતી! રંજીતે એક ઈન્ટરવ્યુમાં હસીને કહ્યું હતું કે એ દિવસો જ અલગ હતા યાર, લોકો પૈસા કરતાં દોસ્તો સાથે એન્જોય કરવામાં વધારે માનતા હતા! શૂટિંગના પહેલા દિવસે જ્યારે રંજીત ગામમાં પહોંચ્યા, ત્યારે ગામની છોકરીઓ અને મહિલાઓ ઘરમાં સંતાઈ ગઈ હતી! કારણ કે પડદા પર રંજીતને નેગેટિવ રોલમાં જોઈને ગામવાળા સમજી બેઠા હતા કે આ માણસ રીયલ લાઈફમાં પણ એવો જ ગુંડો હશે! પણ પછીથી રંજીતનો સારો સ્વભાવ જોઈને આખું ગામ એમનું ફેન થઈ ગયું હતું.

ફિલ્મમાં જ્યારે પણ ફિરોઝના પાત્રની એન્ટ્રી થતી, ત્યારે બેકગ્રાઉન્ડમાં એક ખાસ ટ્યુન વાગતી હતી. આગળ જઈને લોકોને ખબર પડી કે R.D. બર્મને આ બેકગ્રાઉન્ડ સ્કોર હોલિવૂડની ઓલ-ટાઈમ ક્લાસિક કાઉબોય મુવી 'For a Few Dollars More' માંથી એઝ-ઈટ-ઈઝ કોપી કર્યો હતો! આ બાબતે R.D. બર્મનની પાછળથી થોડી ટીકા પણ થઈ હતી.

ફિલ્મની સ્ટારકાસ્ટ પોતાનામાં જ એક માસ્ટરપીસ હતી, પણ એ સમયે જ્યારે ડાયરેક્ટરે વિલનના રોલ કરતા એક્ટરો (ડેની, રંજીત, નરેન્દ્ર નાથ, સુધીર) ને હીરો જેવા પોઝિટિવ રોલમાં કાસ્ટ કર્યા, ત્યારે બોલિવૂડમાં એમની મજાક ઉડાડવામાં આવી હતી. લોકો કહેતા હતા કે નરેન્દ્ર બેદીને કોઈ સારા હીરો નથી મળતા એટલે ઈન્ડસ્ટ્રીના છૂટેલા ગુંડાઓને ભેગા કર્યા છે!

પણ જ્યારે મુવી સ્ક્રીન પર આવી, ત્યારે આ જ ગુંડાઓની એક્ટિંગે લોકોના દિલ જીતી લીધા. રેહાના સાહેબ 1970માં જ આવેલી 'ચેતના' ફિલ્મમાં એમણે બહુ બોલ્ડ સીન્સ આપ્યા હતા. પરિણામે બોલિવૂડમાં તેમને ટાઈપકાસ્ટ કરી દેવામાં આવ્યા! 'ખોટે સિક્કે' સહિત આગળની તમામ ફિલ્મોમાં તેમને માત્ર બોલ્ડ સીન માટે જ રોલ ઓફર આવતી! જેનાથી કંટાળીને આ નેશનલ એવોર્ડ વિનર એક્ટ્રેસે એક્ટિંગ કરિયર જ છોડી દીધું!



**શૂટિંગના પહેલા દિવસે જ્યારે રંજીત ગામમાં પહોંચ્યા, ત્યારે ગામની છોકરીઓ અને મહિલાઓ ઘરમાં સંતાઈ ગઈ હતી!**

લેજેન્ડરી પ્રેમનાથ અને રાજેન્દ્રનાથના ભાઈ નરેન્દ્ર નાથે ફિલ્મમાં એક વિધવા સ્ત્રી સાથે પ્રેમમાં પડતા વ્યક્તિનો બહુ જ ઈમોશનલ રોલ કર્યો હતો. લાલીઓ, સોના ક્યાં હૈ? વાળા ફેમસ વિલન અજિતે આમાં 'જગ્ગા ડાકુ'નો ભયાનક રોલ કર્યો હતો.

આજના જમાનામાં CGI અને VFX થી રૂમમાં બેસીને બોમ્બ ધડાકા થાય છે. પણ 1974માં બધું જ વાસ્તવિક (Real) થતું હતું!

**ગામની લોકેશન:** આખી મુવી ઉદયપુર પાસેના 'થૂર' નામના રીયલ ગામડામાં શૂટ થઈ હતી. ગામવાળાઓએ આખું ગામ ૪૦ દિવસ માટે ક્રૂને ભાડે આપી દીધું હતું અને મુવીમાં બેકગ્રાઉન્ડમાં દેખાતા મોટાભાગના લોકો રીયલ ગામવાળા જ હતા!,

**'ખોટે સિક્કે' અને 'શોલે'નું ક્રેઝી કનેક્શન!**

તમને જાણીને આશ્ચર્ય થશે કે હિન્દી સિનેમાની ઓલ-ટાઈમ ગ્રેટેસ્ટ મુવી 'શોલે' પર 'ખોટે સિક્કે'ની બહુ જ ઊંડી છાપ હતી!,

**વાર્તાનો કન્સેપ્ટ:** બહારથી ક્રિમિનલ્સ આવીને ગામને ડાકુઓથી બચાવે છે–આ કન્સેપ્ટ ખોટે સિક્કેમાંથી જ લેવાયો હતો.,

'ખોટે સિક્કે'માં નરેન્દ્ર નાથ એક વિધવા સ્ત્રીના પ્રેમમાં પડે છે. 'શોલે'માં અમિતાભ બચ્ચન વિધવા જયા ભાદુરીના પ્રેમમાં પડે છે!

'શોલે'ના ડાયરેક્ટર રમેશ સિપ્પીએ ગબ્બર સિંહના આઈકોનિક રોલ માટે સૌથી પહેલાં ડેની ડેન્ઝોંગપાને જ સાઈન કર્યા હતા! પણ ડેની એ જ સમયે ફિરોઝ ખાનની આગામી ફિલ્મ 'ધર્માત્મા'ના શૂટિંગ માટે અફઘાનિસ્તાન જઈ રહ્યા હોવાથી 'શોલે' ન કરી શક્યા. પછી એ રોલ અમજદ ખાન પાસે ગયો અને ઈતિહાસ બની ગયો! 'ખોટે સિક્કે'માં ફિરોઝ ખાનના બાળપણનો રોલ કરનાર બાલ-કલાકાર અલંકાર જોષી જ આગળ જઈને 'શોલે'માં પેલો નાનો છોકરો બન્યો હતો જેને ગબ્બર ગોળી મારી દે છે!,

૧૯૭૪માં જ્યારે ફિલ્મ રિલીઝ થઈ, ત્યારે એ માત્ર ૪૦ સ્ક્રીન્સ પર લગાવાઈ હતી. પણ લોકોનો રિસ્પોન્સ એટલો જબરદસ્ત રહ્યો કે થિયેટરો હાઉસફુલ થઈ ગયા! આજે ભલે આપણી પાસે રૂ. ૪૦૦૦ કરોડના બજેટ વાળી ફિલ્મો

કે ઓટીટી મુવીઝ હોય, પણ જે રો-એક્શન, રીયલ ડાયલોગ ડિલિવરી, ફિરોઝ ખાનનો કાઉબોય સ્વૅગ અને રંજીત-ડેનીની દેશી વાઈબ 'ખોટે સિક્કે'માં હતી, એ અદ્ભુત હતી! ●

# ... અને ત્યાર બાદ શોભાએ દીવસો સુધી માથું ન ધોયું

બોલિવૂડમાં કેટલાક કલાકારો એવા હોય છે, જેઓ સ્ટાર બનવાનું સપનું લઈને ફિલ્મી દુનિયામાં આવતા નથી, છતાં સમય જતાં દર્શકોના દિલમાં એવી જગ્યા બનાવી લે છે કે વર્ષો પછી પણ તેમનું નામ યાદ આવે એટલે ચહેરા પર સ્મિત આવી જાય. શોભા ખોટે પણ આવી જ એક એક્ટ્રેસ છે. આજે તેમને ખાસ કરીને જૂની હિન્દી ફિલ્મોની કોમેડી અને સપોર્ટિંગ રોલ માટે યાદ કરવામાં આવે છે, પરંતુ તેમની ફિલ્મી સફરની શરૂઆતની કહાની એટલી જ રસપ્રદ છે. હકીકતમાં શોભાને શરૂઆતમાં એક્ટ્રેસ બનવામાં કોઈ ખાસ રસ જ નહોતો. તેમનું મન તો રમતગમતમાં વધારે હતું.



60 વર્ષથી પણ વધુ સમય સુધી ફિલ્મો અને ટીવી સ્ક્રીન પર રાજ કરનાર આ દિગ્ગજ અદાકારાએ પોતાની જીવંત અદાકારીથી લાખો પ્રેક્ષકોના દિલ જીત્યા છે.

મોટેભાગે કોમેડી રોલ કરનાર શોભાજીએ 1959ની ફિલ્મ 'દીદી'માં સુનીલ દત્તની હિરોઈન તરીકે કામ કર્યું હતું. આ બંનેનો સંબંધ બહુ જૂનો હતો. સુનીલ દત્ત જ્યારે રેડિયોમાં કામ કરતા હતા, ત્યારે શોભાજીના પિતા નંદુ ખોટેના એક નાટક માટે તેમણે બેકગ્રાઉન્ડ કોમેન્ટ્રી આપી હતી.

**શોભાને હિરોઈન બનવાની ઘણી ઓફરો મળી હતી. પરંતુ ડાયરેક્ટર અમિયા ચક્રવર્તીએ તેમને સલાહ આપી કે, હિરોઈન બનવાના ચક્કરમાં ન પડ, તું કોમેડી મસ્ત કરે છે!**

આ દોસ્તી એટલી ગાઢ હતી કે જ્યારે સુનીલ દત્ત અને નરગિસના ઘરે સંજય દત્તનો જન્મ થયો, ત્યારે સુનીલ દત્તે સૌથી પહેલી મીઠાઈ શોભા ખોટેને ખવડાવી હતી!

શોભા ખોટેના સૌથી ફેવરિટ એક્ટર દિલીપ કુમાર હતા. એક વાર રાજ કપૂરની બર્થડે પાર્ટીમાં દિલીપ કુમારે શોભા ખોટેને જોઈને પ્રેમથી માથા પર હાથ મૂકીને કહ્યું - કેવી છો પૂરી? (મરાઠીમાં છોકરીઓને પ્રેમથી 'પૂરી' કહેવાય છે).

દિલીપ સાહેબનો આ સ્પર્શ શોભાજી માટે ભગવાનના આશીર્વાદ સમાન હતો. આ ખુશીમાં તેમણે કેટલાય દિવસો સુધી માથું જ ન ધોયું! આખરે તેમની માતાએ ધમકાવતા કહ્યું, જો વાળ નહીં ધોવે તો માથામાં જૂ પડી જશે! ત્યારે જઈને તેમણે માથું ધોયું હતું.

શોભા ખોટેની પહેલી ફિલ્મ 'સીમા'માં તેમની સાથે અદાકારા નૂતન હતાં. બંને વચ્ચે એટલી પાકી દોસ્તી થઈ ગઈ કે શૂટિંગ દરમિયાન હંમેશા સાથે જ રહેતી. પરંતુ નૂતનના લગ્ન પછી જ્યારે શોભાએ તેમને જન્મદિવસની શુભેચ્છા આપવા ફોન કર્યો, ત્યારે નૂતનના પતિએ વિચિત્ર બહાનું બનાવીને ફોન મૂકી દીધો. આ વાતથી દિલ દુભાતા શોભાએ નૂતનને ફોન કરવાનો બંધ કરી દીધો હતો.

બોલિવૂડમાં મહમૂદ, ધૂમલ અને શોભાની ત્રિપુટીએ 'સાસ ભી કભી બહુ થી', 'લવ ઈન ટોક્યો', 'ઝિદ્દી' જેવા અનેક કોમેડી રોલ કર્યા. મહમૂદ અને શોભા વચ્ચે એટલો પ્રેમ હતો કે રમઝાનના મહિનામાં શોભા પણ મહમૂદ સાહેબ સાથે રોઝા રાખતા અને મહમૂદ સાહેબ શ્રાવણ મહિનામાં શોભા સાથે ઉપવાસ રાખતા! બંને એકબીજાને 'ભાઈ' કહીને જ બોલાવતા.

1950-60ના દાયકામાં શોભાની લોકપ્રિયતા ચરમસીમાએ હતી. તેઓ ફેન્સના પત્રોનો પોતે જ જવાબ આપતા. પરંતુ એક વાર એક ક્રેઝી ફેને તેમને ચહેરા પર એસિડ ફેંકવાની ધમકી આપતો પત્ર મોકલ્યો! શોભા ખૂબ ગભરાઈ ગઈ અને આખરે તેમણે પોલીસ ફરિયાદ કરવી પડી હતી.

શોભાએ 'ચિમકલા પહુણા' નામની મરાઠી ફિલ્મ ડાયરેક્ટ કરી હતી. આ ફિલ્મની ખાસિયત એ હતી કે તેમાં શોભા ઉપરાંત તેમના ભાઈ વિજૂ (જેમને આપણે 'શોલે'ના કાલિયા તરીકે ઓળખીએ છીએ), તેમના પતિ D.M. સવાર, સાસુ, દિયર અને બાળકો - આખા પરિવારે નાના-મોટા રોલ કર્યા હતા!

લેજન્ડ

શોભાને હિરોઈન બનવાની ઘણી ઓફરો મળી હતી. પરંતુ ડાયરેક્ટર અમિયા ચક્રવર્તીએ તેમને સલાહ આપી કે, હિરોઈન બનવાના ચક્કરમાં ન પડ, તું કોમેડી મસ્ત કરે છે! શોભાજીને પણ લાગ્યું કે હિરોઈનની જેમ નાચવું, ગાવું અને સ્ક્રીન પર રોવા-ધોવાનું તેમનાથી નહીં થાય, એટલે તેમણે હાસ્ય કલાકાર તરીકે જ પોતાની અલગ ઓળખ બનાવી.

બહુ ઓછા લોકો જાણે છે કે શોભાએ નાનપણમાં 2-3 વર્ષ શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી. આ કારણે જ જ્યારે પણ ફિલ્મોમાં તેમના પર કોઈ ગીત શૂટ થતું, ત્યારે તેમનું લિપ-સિંકિંગ એટલું નેચરલ રહેતું કે ડિરેક્ટર્સ પણ ખુશ થઈ જતા.



1963-64 દરમિયાન ફિલ્મ 'હમરાહી' (બ્લેક એન્ડ વ્હાઈટ) અને 'ઝિદ્દી' (કલર) નું શૂટિંગ એક જ સ્ટુડિયોમાં બાજુબાજુના સેટ પર ચાલી રહ્યું હતું. શોભા એક સેટ પર શૂટિંગ કરી, મેકઅપ બદલીને બીજા સેટ પર દોડતા. કંટાળીને તેમણે નિર્ણય લીધો કે હવે પછી ક્યારેય એકસાથે આટલી બધી ફિલ્મો સાઈન નહીં કરે!

શોભા નાટક અને થિયેટરમાં પણ ખૂબ સક્રિય રહ્યા છે. તેમની પોતાની 'શોભાંગી કલા મંદિર' નામે નાટક કંપની હતી, જેમાં તેમનાથી 5 વર્ષ નાના ભાઈ વિજૂ ખોટે તેમની સાથે કામ કરતા. 2019માં વિજૂ ખોટે આ દુનિયા છોડી ગયા ત્યાં સુધી બંને ભાઈ-બહેન વચ્ચે મિત્ર જેવો ગાઢ પ્રેમ રહ્યો.

ફિલ્મ 'સીમા'ના શૂટિંગમાં સાયકલ પર ચોરનો પીછો કરવાનો એક સીન હતો. સીન દરમિયાન શોભા સાયકલ પરથી પડી ગયા અને નાક-ચહેરા પર ગંભીર ઈજા થઈ, જેના કારણે દોઢ મહિનો શૂટિંગ અટકી ગયું! એવી જ રીતે એક મરાઠી ફિલ્મમાં જીપના બ્રેક ફેલ થતાં જીપ નાળામાં ખાબકી અને શોભાને ગેંગરીન થતાં 6 મહિના હોસ્પિટલના ખાટલે રહેવું પડ્યું હતું.

શરૂઆતમાં લીલા ચિટનિસે શોભાને પોતાની ફિલ્મમાં સાઈન કરવા ઈચ્છા દર્શાવી હતી, પણ સાથે 5 વર્ષનો કડક કોન્ટ્રાક્ટ રાખ્યો હતો.

શોભાએ કોન્ટ્રેક્ટ સાંભળીને ના પાડી દીધી. એ જ સમયે અમિયા ચક્રવર્તીએ 1955માં ફિલ્મ 'સીમા'ની ઓફર કરી અને શોભાની સુવર્ણ સફળતાની સફર શરૂ થઈ ગઈ! ●